# હવે, રાત્રે ૧૦થી સવારે ૬ વાગ્યા સુધી નાઈટ કરફ્યુ

## ૩૧ માર્ચ સુધી નાઈટ કરફ્યુ અમલમાં રહેશે : અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરામાં રાત્રિ કરફ્યુ ૧૨ વાગ્યાનું સમજીને બહાર નીકળતા પહેલા ચેતી જજો

ગાંધીનગર,તા.૧૬ કોરોના સંક્રમણને પગલે રાજ્ય સરકારે રાજ્યના ચાર મહાનગરો (અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ)માં રાત્રે ૧૦થી સવારે ૬ વાગ્યા સુધી રાત્રિ કરફ્યુનો અમલ કરવાનો નિર્ણય કર્યો છે. જે ૩૧ માર્ચ ૨૦૨૧ સુધી અમલમાં રહેશે. ઉપરાંત ચારેય મહાનગરોમાં આજે રાત્રિ કરફ્યુના સમયની અગાઉની વ્યવસ્થા એટલે કે રાત્રે ૧૨થી સવારે ૬ વાગ્યા સુધીની વ્યવસ્થા યથાવત રાખવાનો નિર્ણય કર્યો છે. રાજ્યભરમાં કોરોનાના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. બીજી તરફ રાત્રિ કર્ફ્યૂની મુદત ગઈકાલે જ પૂરી થઈ ગઈ હતી. એવામાં નાયબ મુખ્યમંત્રીએ કોરોના સંક્રમણ અટકાવવા માટે પગલાં લેવા મ્યુનિસિપલ કમિશનરો સાથે ચર્ચા કરી અને સ્થાનિક કક્ષાએ નિર્ણય લેવા સૂચના આપી છે. ઢઅઝસ નીતિનભાઈ પટેલ જણાવ્યું હતુ કે, રાજ્યમાં કોરોના કેસ વધી રહ્યાં છે. મનપાના કમિશનરોને કમિશનરને યોગ્ય નિર્ણય લેવા અને જરૂરી પગલાં ભરવા માટે પણ છૂટ અપાઈ છે.

કોરોનો વેક્સિનેશન અંગે નીતિન પટેલે જણાવ્યું કે, કોરોના વેક્સિન બાદ પોઝિટિવ થવાનો એકાદ કેસ આવ્યો છે. રસીકરણ માટે કેન્દ્ર સરકારે વધુ ૧૪.૫૦ લાખ ડોઝ મોકલ્યા છે.

હાલ વેકસીનનો પુરતા પ્રમાણમાં જથ્થો ઉપલબ્ધ છે અને વેક્સિન આપવા અંગે કોઈ અવ્યવસ્થા નથી. દરેકને કોરોનાની રસી આપવામાં આવશે. અમદાવાદમાં સતત વધી રહેલા કોરોનાના સંક્રમણને કારણે ૮ વિસ્તારોમાં રાતે ૧૦ વાગ્યા પછી હોટલ, રેસ્ટોરન્ટ, ખાણીપીણી બજાર, મોલ, ગલ્લા, ટી સ્ટોલ બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ અંગે છસ્ક્રએ નિર્ણય કર્યો કે, શહેરના જોધપુર, સાઉથ બોપલ, નવરંગપુરા, બોડકદેવ, થલતેજ, ગોતા પાલડી, ઘાટલોડિયા અને મણિનગર વિસ્તારમાં રાત્રે ૧૦ વાગ્યા પછી હોટલ-રેસ્ટોરન્ટ બંધ રહેશે. ગુજરાત ક્રિકેટ એસોસિયેશનએ સોમવારે જારી કરેલા નિવેદનમાં જણાવ્યું હતું કે, કોરોના કેસો વધવાને કારણે આગામી ૧૬,૧૮ અને ૨૦ માર્ચના રોજ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાનારી ઈન્ડિયા-ઈંગ્લેન્ડ વચ્ચેની ૨૦ની મેચો દર્શકો વિના રમાશે. તેમજ ટિકિટ ખરીદનારા દર્શકોને રિફંડ આપવામાં આવશે. જીસીએએ બીસીસીઆઈ સાથે ચર્ચા વિચારણા કરીને હવે પછીની મેચો દર્શકો વગર રમાડવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

# ગુજરાતમાં ૧૦૦૦ નજીક કોરોનાનો આંકડો પહોંચ્યો

## ગુજરાતીઓ માટે ફરી ખતરો વધ્યો : રાજ્યના વિવિધ જિલ્લામાં કુલ ૯૫૪ દર્દીઓ નોંધાયા હતા : કોરોનાથી અમદાવાદમાં બે લોકોના મોત થયા હતા

ગાંધીનગર, તા. ૧૬

રાજ્યમાં કોરોના વાયરસનું સંક્રમણનું પ્રમાણ ધીરે ધીરે ફરી વધી રહ્યું હતો તેવું લાગી રહ્યું છે. ત્યારે આજે રાજ્યના વિવિધ જિલ્લામાં કુલ ૯૫૪ દર્દીઓ નોંધાયા હતા. તેની સામે ૭૦૩ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. જ્યારે રાજ્યમાં આજે બે વ્યક્તિના કોરોનાથી મોત થયું છે. જો કે, રાજ્યમાં કોરોનાનો કુલ આંક ૨,૮૦,૦૫૧ પર પહોંચી ગયો છે. જ્યારે કુલ રિકવર દર્દીઓ ૨,૭૦,૬૫૮ છે. આ સાથે કોરોનાથી દર્દીઓનો મૃત્યુઆંક ૪,૪૨૭ પર પહોંચ્યો છે.

હજુ સુધીમાં ૨૨૧૫૦૯૨ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું અને ૫,૪૨,૯૮૧ વ્યક્તિઓના બીજા ડોઝનું રસીકરણ પુર્ણ થયું છે. આજે ૬૦ વર્ષથી વધુ વયના તેમજ ૪૫ થી ૬૦ વર્ષના ગંભીર બિમારી ધરાવતા કુલ ૧,૪૧,૨૭૦ વ્યક્તિઓનું રસીકરણ કરાયું. અત્યાર સુધીમાં રાજ્યમાં એક પણ વ્યક્તિને આ રસીના કારણે ગંભીર આડઅસર જોવા મળી નથી.

રાજ્યમાં આજે બોટાદ, અને ડાંગ એમ કુલ ૨ જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી. રાજ્યમાં કોવિડ-૧૯ ના ૯૫૪ દર્દીઓ નોંધાયા છે. અને રાજ્યભરમાંથી ૭૦૩ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફર્યા છે. આ સાથે જ રાજ્યનો રીકવરી રેટ ૯૬.૬૫ ટકા જેટલો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં આરોગ્ય વિભાગના સઘન પ્રયાસોના લીધે ૨,૭૦,૬૮૫ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૪,૯૬૬ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૫૮ છે. જ્યારે ૪,૯૦૮ લોકો સ્ટેબલ છે. ૨,૭૦,૬૫૮ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. ૪,૪૨૭ લોકોનાં મોત નિપજ્યા છે.

# ૪ મહાનગરોમાં કરફ્યુ સમયે બસની એન્ટ્રી પર પ્રતિબંધ

## રાજ્યમાં ફરી એકવાર કોરોના સંકટ વધી રહ્યું છે, જેને લઇને રાજ્ય સરકારે ફરી રાત્રિ કર્ફ્યૂનો સમય વધાર્યો છે

ગાંધીનગર,તા.૧૬

રાજ્યમાં ફરી એકવાર કોરોના સંકટ વધી રહ્યું છે, જેને લઈને રાજ્ય સરકારે ફરી રાત્રિ કર્ફ્યૂનો સમય વધાર્યો છે. આવતીકાલથી એટલે કે, ૧૭ માર્ચ ૨૦૧૭ થી રાજ્યના ચાર મહાનગરોમાં રાત્રિ કર્ફ્યૂનો સમય વધારી રાત્રિના ૧૦ થી સવારના ૬ વાગ્યા સુધી કરવામાં આવ્યો છે. જો કે, રાત્રિ કર્ફ્યૂનો સમય વધારતા એસટી નિગમ દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાત્રિ કર્ફ્યૂ દરમિયાન ચારેય કર્ફ્યૂગ્રસ્ત શહેરોમાં રાતના ૧૦ વાગ્યા બાદ એસટીની એકપણ બસને શહેરની અંદર પ્રવેશ મળશે નહીં. આ ઉપરાંત રાતના ૯ વાગ્યા બાદ એકેય બસ શહેરની અંદરથી ઉપડશે નહીં. રાજ્યમાં વધતા જતા કોરોના સંક્રમણને ધ્યાને લઈને રાજ્ય સરકારે રાત્રિ કર્ફ્યૂનો સમય વધારી દીધો છે. આવતીકાલે તારીખ ૧૭ માર્ચ ૨૦૨૧થી ચાર મહાનગરોમાં કર્ફ્યૂનો સમય વધારીને ૧૦થી ૬ કરાયો છે. જેથી આવતીકાલથી અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટમાં રાત્રે ૧૦થી સવારે ૬ વાગ્યા સુધી રાત્રિ કર્ફ્યુનો અમલ કરવાનો નિર્ણય કર્યો છે. રાત્રિ કર્ફ્યૂની આ વ્યવસ્થા ૩૧ માર્ચ ૨૦૨૧ સુધી અમલમાં રહેશે. ત્યારે આ કર્ફ્યૂને ધ્યાનમાં લઈ એસટી નિગમ દ્વારા એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાત્રિ કર્ફ્યૂ દરમિયાન અમદાવાદ સહિત ચાર મહાનગરોમાં એસટી બસના ઉપડવા તેમજ પ્રવેશ પર પ્રતિબંધ લગાવ્યો છે. રાત્રિ કર્ફ્યૂ દરમિયાન ચારેય મહાનગરોમાં રાતના ૧૦ વાગ્યા બાદ એસટી બસને પ્રવેશ મળશે નહીં. તેમજ રાતના ૯ વાગ્યા બાદ એકપણ બસ ચારેય શહેરની અંદરથી ઉપડશે નહીં. અન્ય શહેરમાંથી આવતી બસ શહેરની ફરતે નક્કી કરાયેલા પોઈન્ટ પર આવશે. તેમજ મુસાફરોને મુશ્કેલી ન પડે તે માટે તમામ કાર્યવાહી કરાઈ છે. ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારે આ ચારેય મહાનગરોમાં મંગળવાર ૧૬ માર્ચ સુધી રાત્રિ કરફ્યૂના સમયની અગાઉની વ્યવસ્થા એટલે કે રાત્રે ૧૨ થી સવારે ૬ વાગ્યા સુધીની વ્યવસ્થા યથાવત રાખવાનો નિર્ણય કર્યો છે. ગુજરાતમાં કોરોના વાયરસના કહેરમાં વધારો થઈ રહ્યો છે. દર કલાકે ૩૭ લોકોને કોરોના ડંખી રહ્યો છે.

છેલ્લાં ૨૪ કલાકમાં કોરોનાના નવા ૮૯૦ કેસ નોંધાયા છે. તો સુરતમાં ૨૬૨, અમદાવાદમાં ૨૦૯, રાજકોટમાં ૯૫ અને વડોદરામાં ૯૩ નવા કેસ નોંધાયા છે. આ વચ્ચે અમદાવાદના ૮ વોર્ડમાં રાત્રે ૧૦ વાગ્યા બાદ બધુ બંધ કરવાની ગઈકાલે જાહેરાત કરાઈ હતી. ત્યારે હવે કોરોનાના સંક્રમણને જોતા ગુજરાતના ચાર મહાનગરોમાં કરફ્યૂનો સમય વધારી દેવાયો છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષ સ્થાને યોજાનાર કોર કમિટીની બેઠકમાં આ અંગે નિર્ણય લેવાયો છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



સાહેબ મે વેક્સિન લઈ લીધી છે... હવે જો, નવુ લોકડાઉન આવે ત્યારે હું થાળી ન વગાડુ તો ચાલે...??

# માસુમ ધૈર્યરાજસિંહને બચાવી લેવા દાનની સરવાણી વહી

## ધારાસભ્ય ડો. સી.જે. ચાવડાએ અને રાજપૂત સમાજના પ્રમુખ વિક્રમસિંહ ગોલનું એક લાખથી વધુ રકમનું દાન : ધૈર્યરાજસિંહના પિતાને ચેક અર્પણ કરાયા : યુવાનોની પ્રતિબદ્ધતા ''ધૈર્ય રાખજે ધૈર્યરાજસિંહ, તને જરૂર બચાવી લઈશુ''

ગાંધીનગર, તા. ૧૬

મહીસાગરના માસુમ ધૈર્યરાજસિંહને બચાવવા ગાંધીનગરમાં હાથ ધરાયેલાં અભિયાને વેગ પકડ્યો છે અને આજે આ અભિયાનમાં ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠકના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ રૂ. ૧,૦૧,૦૦૦ નું દાન આપ્યું હતું. આ સાથે જ ગાંધીનગર રાજપૂત સમાજના પ્રમુખ વિક્રમસિંહ ગોલે પણ રૂ. ૧,૧૧,૦૦૦નું દાન આપ્યું હતું તેમજ મનપાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા સહિત અગ્રણીઓએ ખુલ્લા દિલે ધૈર્યરાજસિંહની મદદ માટે દાન આપ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગર રોટી બેંક ચલાવતા સેવાભાવી યુવાનો દ્વારા ધૈર્યરાજની મદદ માટે અભિયાન છેડ્યા બાદ વિવિધ સંસ્થાઓ અને અગ્રણીઓ પણ આ અભિયાનમાં આગળ આવી રહ્યાં છે અને મદદ કરી રહ્યાં છે.

આજે સેક્ટર-૨૧માં સદસ્ય નિવાસ ખાતે ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાના નિવાસસ્થાને ધૈર્યરાજસિંહના પિતા રાજદીપસિંહ પધાર્યા હતા જેમને દાનની એકત્ર થયેલ રકમ તથા ચેક સુપરત કરવામાં આવ્યાં હતા. આ પ્રસંગે ડૉ. સી.જે. ચાવડાએ રૂ. ૧૦૧૦૦૦ નો ચેક, વાવોલના પૂર્વ સરપંચ તથા રાજપૂત સમાજના પ્રમુખ વિક્રમસિંહ ગોલે રૂ. ૧,૧૧,૦૦૦નો ચેક, દેવેન્દ્રસિંહ ચાવડાએ રૂ. ૨૫ હજારનો ચેક તથા ક્ષત્રિય સમાજના યુવાનો દ્વારા એકત્ર કરાયેલ ભંડોળની રકમ ધૈર્યરાજના પિતાને આપવામાં આવી હતી. આ દાન યજ્ઞમાં પેથાપુરના બિલ્ડર સિદ્ધેશ્વરી ગ્રૃપ દ્વારા પણ રૂપિયા એક લાખનું દાન આપવામાં આવ્યુ છે. આ ઉપરાંત ડભોડા ઠાકોર ટીમ દ્વારા રૂ. ૫૧ હજારનું દાન આપવામાં આવ્યુ હોવાનું જાણવા મળ્યુ છે. આ સાથે લિંબોદરા રાજપૂત સમાજ દ્વારા રૂ, ૨,૧૬,૦૦૦નું ભંડોળ એકત્ર કરાયુ છે તથા બાલવાના દિવ્યરાજસિંહ દ્વારા રૂ. ૫૧ હજારનું દાન આપવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે માસુમ ધૈર્યરાજસિંહને બચાવી લેવાના અભિયાનમાં ક્ષત્રિય સમાજના યુવાનો તથા સંસ્થાઓ જેવી કે કરણી સેના, ક્ષત્રિય સેના, ઠાકોર સેના, જય હો ફાઉન્ડએશન સહિત અન્ય સમાજના દાતાઓ પણ ખુલ્લા હાથે દાન આપી રહ્યા છે તથા અનેક ગામના યુવાનો ચૌરે ચૌટે તથા ગલીએ ગલીએ ફરી ફરીને દાન ઉઘરાવી રહ્યાં છે. અત્યાર સુધી પ્રાપ્ત માહિતી અનુસાર ધૈર્યરાજસિંહના ખાતામાં આશરે આઠ કરોડથી વધુની રકમ જમા થઈ જવા પામી છે.

### સૌ કોઈ નાત-જાત-જ્ઞાતિ-ધર્મના ભેદભાવ વગર મદદ કરે છે : ડો. સી.જે. ચાવડા

આજે માસુમ ધૈર્યરાજસિંહને બચાવવા દાનનો ચેક આપતા ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ જણાવ્યુ હતુ કે 'આ સેવા યજ્ઞમાં ગુજરાતના દરેક સમાજે એક સરખી સંવેદના દાખવી મદદ પુરી પાડી, તમામ નાગરિકો જ્ઞાતિ-સમાજ-ધર્મના ભેદભાવ વિના એક થઈને સાથ આપી રહ્યાં છે તે આપણી સાચી તાસીર છે. અમે સરકારને પણ વિનંતી કરીશુ કે ધૈર્યરાજને બચાવી લેવા શક્ય હોય તેટલી મદદ કરે' આ પ્રસંગે ધૈર્યરાજના પિતા રાજદીપસિંહે તમામ દાતાઓ તથા યુવાનોનો આભાર માનતા જણાવ્યુ હતુ કે 'આપણે અડધી લડાઈ જીતી ચુક્યાં છીએ અને ચોતરફથી જે રીતે મદદ મળી રહી છે તે જોતા હવે અમને હિંમત આવી છે કે ચોક્કસ મારો પુત્ર આ બિમારીમાંથી ઉગરી જશે' આ પ્રસંગે મનપાના વિરોધ પક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા પણ ઉપસ્થિત રહ્યાં હતા.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા પંચાયત અને 'ચ' રોડ પર આજે ભાજપના ઝંડાઓ લહેરાવવામાં આવ્યા છે.
- રાજ્યના પૂર્વ મંત્રી જયનારાયણ વ્યાસના ધર્મપત્નીનું આજે લાંબી બિમારી બાદ દુ:ખદ અવસાન થયુ છે.
- ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના કેસો વીસના આંકને પાર કરી ગયા છે.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજ સુધીમાં ૪૨,૬૪૯ લાભાર્થીને કોરોના વેકસીનેશનનો પ્રથમ ડોઝ અને ૧૩,૧૧૩ લાભાર્થીને બીજો ડોઝ આપવામાં આવ્યો છે.
- ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ મહીસાગરના બાળદર્દી ધૈર્યરાજસિંહ માટે રૂ. એક લાખનું દાન આપેલ છે.
- કલોલમાં ઔદ્યોગિક વિસ્તાર વધુ હોવા છતાં ત્યાં કેમ ભરતી મેળાનું ઓછુ આયોજન થાય છે તેવો સવાલ આજે રોજગાર વિનિમય કચેરીની સલાહકાર સમિતિમાં ગુંજ્યો હતો.
- ગાંધીનગર જિલ્લા ભાજપ સંગઠનની પુન: રચના ટુંકમાં જ કરાશે તેવી ચર્ચાઓ પાટનગરની રાજકીય ગલિયારીઓમાં સાંભળવા મળી હતી.

# કોલવડાની યુવતિએ પતિ, સાસુ-સસરા સામે શારીરીક-માનસિક ત્રાસની ફરીયાદ નોંધાવી

ગાંધીનગર,તા.૧૬

ગાંધીનગર શહેરને અડીને આવેલા કોલવડા ગામે સ્થિત સોમનાથ સોસાયટી ખાતે રહેતી યુવતિએ અમદાવાદ ગોમતીપુર ખાતે રહેતા પતિ, સાસુ-સસરા સામે શારીરીક-માનસિક ત્રાસની ફરીયાદ નોંધાવતા પેથાપુર પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ વર્ષ ૨૦૧૮માં સોશ્યલ મિડીયા દ્વારા યુવતિ ની મિત્રતા મંથન રાજેશકુમાર આઝાદ સાથે થઈ હતી. મિત્રતા બાદ વાતચીત અને મુલાકાત શરુ થઈ હતી. જેથી બંનેએ એકબીજાની મરજીથી લગ્ન કરવાનું નક્કી કર્યુ હતું. ફેબુઆરી-૨૦ માં લગ્ન થતા યુવતિ વસ્ત્રાલ ખાતે ભાડાના મકાનમાં પતિ સાથે રહેવા માટે ગઈ હતી.ત્યારબાદ બે મહિના પછી સાસુ-સસરા સાથે રહેવા માટે આવ્યા હતા. જેથી કામકાજ અંગે બોલાચાલી થતી રહેતી હતી.પતિ મંથન પણ માતા-પિતાનો સાથ આપી પત્નિને માથાકુટ કરતો હતો. એક દિવસે ઝઘડો થતા પતિ મંથને યુવતિને પટ્ટા વડે અને સસરા રાજેશભાઈએ ગડદાપાટુનો માર માર્યો હતો. સાસુએ તુ બીજા ધર્મની છે,જેથી મારે તને મારા દિકરા સાથે રહેવા દેવાની નથી કહ્યું હોવાનો આક્ષેપ યુવતિએ કર્યો છે.ઓગસ્ટ-૨૦ માં થયેલા એક દિવસ ઝઘડામાં પતિએ નીચે પાડી દઈને ગળુ દબાવવાનો પ્રયત્ન કરતા યુવતિ દોડીને પિયર આવી ગઈ હતી. જેથી મંથન અને તેના માતા-પિતાએ યુવતિના પિતા રફીકભાઈ શાહને ફોન કરીને છુટાછેડાની વાત કરી હતી. પરંતુ યુવતિના પરિવારજનો છુટાછેડા માટે તૈયાર ન થતા મંથને કોલવડા આવીને યુવતિ તેમજ તેના માતા-પિતાને જાનથી મારી નાંખવાની ધમકી આપી દાવો કરાયો છે.જેનેપગલે યુવતિએ પતિ મંથન, સસરા રાજેશકુમાર આઝાદ અને સાસુ રેખાબેન (તમામ રહે ગોમતીપુર) સામે શારીરીક-માનસિક ત્રાસ અને જાનથી મારી નાંખવાની ધમકી અંગે ફરીયાદ નોંધાતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રવિવારે સે. ૧૧ માં ઓપન માઈક ઈવેન્ટ ''તર્જુમા''નું આયોજન

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના યુવાન ધ્રુવ સોની દ્વારા ''ટુ ડ્રીમ માસ્ટર'' થકી 'ધ ટેલેન્ટ હાઉસ'ના સહયોગથી ''તર્જુમા'' ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. 'તર્જુમા' તા. ૨૧મી માર્ચ રવિવારના રોજ બપોરે ૩ કલાકે ગાંધીનગરના સેક્ટર-૧૧માં હોટલ સુમન સિટી ખાતે યોજાશે જેમાં ઓપન માઈક ઈવેન્ટ અંતર્ગત ગાંધીનગર અને અમદાવાદના યુવા કલાકારો તેમનું ટેલેન્ટ પ્રદર્શિત કરશે.

'તર્જુમા' એક વિશેષ પ્રકારની ઓપન માઈક ઈવેન્ટ છે જેમાં પોએટ્રી, સ્ટોરી ટેલિંગ, સ્ટેન્ડઅપ કોમેડી, સિંગિંગ જેવી વૈવિધ્યસભર ઈવેન્ટ્સને આવરી લેવામાં આવી છે. ખાસ પ્રકારના વાતાવરણમાં અદ્યતન સાઉન્ડ સીસ્ટમ તથા ટેકનોલોજી સપોર્ટ સાથે યોજાનાર આ ઈવેન્ટમાં ભાગ લેવા માટે યુવા કલાકારો ધ્રુવ સોનીનો મો. નં. ૯૬૬૪૯૬૦૮૦૬ પર સંપર્ક સાધી શકે છે.



શનિ અમાવસ્યાના પાવન દિવસે શ્રી જલીયાણ સેવા ગ્રુપ દ્વારા સેક્ટર-૨૮ મુક-બધીર શાળાના બાળકોને નાસ્તો, બિસ્કિટ, ચોકલેટ તથા ચીકીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવા કાર્યમાં શ્રી જલીયાણ સેવા ગ્રુપના યુવાનો ઉલ્લાસભેર જોડાયા હતા.

# ગાંધીનગર સિવિલના એકસ-રે, સોનોગ્રાફી વિભાગમાં દર્દીઓનો હોબાળો

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલમાં એકસ-રે અને સોનોગ્રાફી વિભાગમાં દર્દીઓએ આજે હોબાળો મચાવ્યો હતો. રેડીયોલોજી વિભાગ દ્વારા ગણતરીના દર્દીઓની જ સોનોગ્રાફી કરવાનું કહેતા દર્દીઓએ હોહા કરી મુકી હતી. રેડીયોલોજી વિભાગમાંથી તાજેતરમાં કેટલાક ડોકટર્સ નોકરી છોડીને જતા રહ્યાની રાવ પણ ઉઠવા પામી છે.

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત હોસ્પિટલ ૨૪ કલાક ધમધમતી છે. એક હજારની વધુ ઓપીડી બિલ્ડીંગમાં દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. ત્યારે તાત્કાલીક વિભાગમાં પણ દર્દીઓથી ભરાયેલ જોવા મળે છે. ત્યારે દર્દીના યોગ્ય નિદાન માટે એકસ-રે અને સોનોગ્રાફી અતિ મહત્વના હોય છે. ત્યારે રેડીયોલોજી વિભાગમાં દર્દીઓની લાંબી લાઈનો લાગી હોય છે. થોડા સમય પહેલા પુરતી માત્રામાં ડોકટર્સ હોવાથી એકસ-રે તેમજ સોનોગ્રાફી તમામ દર્દીઓની થતી હતી. પરંતુ ગણતરીના દિવસ પહેલા કેટલાક ડોકટર રેડીયોલોજી વિભાગના કહેવાતા મોભી ડોકટરના ત્રાસથી નોકરી છોડીને જતા રહ્યા હોવાનુ સામે આવ્યુંછે. ત્યારે સરકારી સિવિલમાં સવારે માત્ર ગણતરીના દર્દીઓની સોનોગ્રાફી અને સાંજે પણ કેટલાક દર્દીઓની સોનોગ્રાફી જ થશે તેવા નિર્ણયને પગલે હોહા મચી ગઈ હતી. જો કે થોડીવાર પછી મામલો શાંત પડ્યો હતો. પરંતુ રેડીયોલોજી વિભાગમાં ડોકટરોની અછતને લઈ વારંવાર ફરીયાદો ઉઠવા પામે છે.

# શહેરમાં સમાવિષ્ટ વિસ્તારોને નર્મદાનું પાણી આપવા રજૂઆત

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરમાં આસપાસના કેટલાય ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે પરંતુ હજુ સુધી આ વિસ્તારો પ્રાથમિક સુવિધાઓથી વંચિત છે. આ વિસ્તારોમાં નર્મદાનું પાણી પહોંચતું ન હોવાથી વસાહતીઓને ના છૂટકે બોરનું અશુધ્ધ પાણી પીવું પડે છે. ગાંધીનગર શહેર વસાહત મહામંડળે આ વિસ્તારોને નર્મદાનું પાણી પહોંચે તે માટે રજૂઆત કરી છે.

ગાંધીનગર મહાનગર પાલિકામાં સામેલ કરાયેલ ગામોમાંના કેટલાકમાં 'ગુડા'ના રહેણાંકો થઈ ગયા છે અને ત્યાં પીવાના પાણીની મોટી તકલીફ પડી રહી છે. અશુધ્ધ અને બોરનું પાણી તેઓને મળે છે. આ પાણી હાનીકારક હોઈ, નર્મદા કેનાલનું પાણી પાઈપલાઈન દ્વારા પુરું પાડવાની માંગણી સરગાસણ, કુડાસણ, રાયસણ વાવોલ વિગેરે ગામોના રહેવાસીઓ કરી રહ્યા છે. શહેર વસાહત મહામંડળના અરુણ બુચ, કિર્તિભાઈ ભટ્ટ, મયુર વ્યાસ, કિશોર જીકાદરા, પ્રદિપભાઈ સોલંકીએ ગુડા વિસ્તારના શહેરીજનોને રજુઆત ધ્યાને લેવા અપીલ કરી છે. મહાનગર પાલિકામાં ભળેલ છ ગામોમાં જે મિલ્કત વિગેરેના પ્રશ્નો ઉભા થયા હતા તેવા પ્રશ્ન ઉભા થાય નહિ તેની પહેલેથી જ કાળજી લેવા અપીલ કરવામાં આવી છે.

# મહુન્દ્રા પાટીયા પાસેથી વિદેશી દારૂ સાથે શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૧૬

ચિલોડા નજીક આવેલા મહુન્દ્રા પાટીયા પાસે શંકાસ્પદ હાલતમાં ઉભા રહેલા યુવકનો પોલીસ દ્વારા થેલો ચેક કરાયો હતો. આ થેલામાંથી પોલીસને ૧૮૦ એમએલના ૪૨ ટ્રેટા પેક અને ૧૨ બોટલ બિયરની મળી આવી હતી. પોલીસે યુવકનુ નામ પુછતા તેણે વિશાલ સીંગાભાઈ કોટડ (ઉં.૨૨, રહે, હાથીયામેરુ ભિલોડા) હોવાનું ધ્યાને આવ્યું હતું. યુવકને દારૂ અંગે પુછતાછ કરતા અમદાવાદના આનંદ અમથાભાઈ દેસાઈ (રહે સેટેલાઈટ)ને દારૂનો જથ્થો આપવાનો હોવાની કબુલાત કરી હતી. પોલીસે દારુનો જથ્થો અને મોબાઈલ મળીને કુલ રૂ.૭૮૬૦નો મુદ્દામાલ જપ્ત કરી પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીના પગલે શહેર કોંગ્રેસ સમિતિની વિસ્તૃત કારોબારીની બેઠક નિરીક્ષકોની હાજરીમાં રાયસણ ખાતે યોજાઈ હતી. જેમાં પ્રદેશના નિરીક્ષકો અને શહેરના તમામ પદાધિકારીઓ અને કાઉન્સિલરો ઉપસ્થિત રહ્યા હતા.